ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૫૭ ટકા

# શહેરમાં આજથી મધુર પાર્લર ખાતે શાકભાજીનું વેચાણ

ગાંધીનગર, તા. ૬

પશુપાલન વ્યવસાયની સાથે સાથે શાકભાજીની ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા ખેડુતોને દુધના પોષણક્ષમ ભાવ મળી રહે છે તેમ શાકભાજીના પણ પોષણક્ષમ ભાવ મળી રહે અને શહેરના નાગરીકોને સ્વચ્છ અને તાજા-ગુણવત્તાયુકત શાકભાજી મળી રહે તેવા ઉમદા આશયથી બાગાયત વિભાગ ગુજરાત સરકારના સહયોગથી ગાંધીનગર જિલ્લા દુધ ઉત્પાદક સંઘ-મધુર ડેરી દ્વારા અનોખી પહેલ કરાઈ છે. દરરોજ ડાયરેકટ ખેડુતોના ખેતરમાંથી લાવીને સાફ-સફાઈ કરીને ૨૫૦ તેમજ ૫૦૦ ગ્રામના પેંકીગમાં વિવિધ શાકભાજી અમુલ -મધુર પાર્લર પર વેચાણથી મળશે.

આજે મધુર ડેરીના ૪૮માં સ્થાપના દિન નિમિતે મધુરી ડેરીના દશેલા પ્લાન્ટ સાઈટ ખાતે સંઘના ચેરમેન ડો. શંકરસિંહ રાણા, બાગાયત નિયામક ડો. પી.એમ. વાઘસીયા તેમજ સંઘના મેનેજીંગ ડીરેકટર મનોહરસિંહ ચૌહાણ દ્વારા વેજીટેબલ પ્રોજેકટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સરકારના આર.કે.વી.વાય. યોજના અંતર્ગત આ પ્રોજેકટનો અમુલ-મધુર સ્થાપના દિનથી શરુ કરી દેવામાં આવ્યો છે.ડો. વઘાસીયાએ આ પ્રોજેકટના સફળ અને પારદર્શી અમલીકરણ માટે સરકાર સંપૂર્ણ સહકાર આપશે તેની ખાતરી આપી હતી. સંઘના ચેરમેન દ્વારા દશેલા ખાતે આકાર લઈ રહેલા સ્ટેટ ઓફ આર્ટ નવી મધુર ડેરી અને અનોકવિધ પ્રોજકટ માટે સરકારની ખુબ જ પ્રશંસા કરી હતી. મધુર ડેરીના સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૨૦નો લોગોનું પણ અનાવરણ કર્યુ હતું. સંસ્થાના મેનેજીંગ ડિરેકટર મધુર ડેરીના ૪૮ વર્ષની પ્રગતિની ઝલક આપી હતી. શાકભાજીના પ્રોજેકટર માટે કામગીરી કરી રહેલા નરેન્દ્રસિંહ રાઠોડ અને તેમની ટીમને ચેરમેન એ અભિનંદન પાઠવ્યા હતા. શાકભાજીમાં પ્રારંભિક તબક્કામાં કોબીજ, ફુલાવર, દુધી, ટામેટા, રવૈયા, ભટ્ટા, વાલોળ પાપડી જેવી શાકભાજી મધુર પાર્લર પર આજથી સરળતાથી મળી રહેશે.





## શહેરમાં ચેસ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન સ્વ.પ્રો. જે.કે.કાપડીયાના સ્મર્ણાર્થે (સૌજન્ય, એમએમ સ્પોર્ટસ ગાંધીનગર) દ્વારા આગામી તા. ૧૭ ફેબુઆરી ના રોજ સવારે ૯.૩૦ કલાકે રીક્રીએશન કલબ, જીઈબી, ગાંધીનગર ખાતેના એસી હોલમાં બાળકો માટેની એક ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.આ ટુર્નામેન્ટમાં નવ વર્ષથી નીચેની વયના તથા અગીયાર વર્ષથી નીચેની વયના તથા તેર વર્ષથી નીચેની વયના અને ૧૭ વર્ષથી નીચેની વયના (ભાઈઓ અને બહેનો) ભાગ લઈ શકશે. તા. ૧૭ ફેબુઆરીના રોજ ખેલાડીની આયુ નિર્ધારીત કેટેગરી પ્રમાણે નવ વર્ષથી નીચેની વયના તથા અગીયાર વર્ષથી નીચેની વયના તથા તેર વર્ષથી નીચેની વયના અને ૧૭ વર્ષથી નીચેની વયના હોવા જરુરી છે. જયારે પ્રથમ ત્રણ વિજેતા ખેલાડીઓને ટ્રોફી, રોકડ, પુરસ્કાર, મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે. જયારે ચારથી દસ અનુક્રમાંકિત ખેલાડીઓને મેડલ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપેટરી પ્રમાણપત્ર આપવામાં આવશે. ચેસ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ ફોર્મ તેમજ પ્રવેશ ફી રૂ.૩૦૦ ભરીને તા.૧૫ ફેબુઆરી સુધીમાં ભરીને આપવાનું રહેશે. ત્યારબાદ લેઈટ ફી રૂ.૧૦૦ સાથે તા.૧૬ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરીને આપવાનું રહેશે. ટુર્નામેન્ટની વધુ વિગતો માટે ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશનના સેક્રેટરી શૈલેશ નાયક અને કેતની માંડલીયાનો સંપર્ક કરવાનો રહેશે.

## સિવિલમાં ટ્રોમાં સેન્ટરની વાત વિસરાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની છ માસ પહેલા રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ સમયે ડે.સીએમ નિતિન પટેલે ટ્રો માં સેન્ટર અને દસ માળની સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલની નવી જગ્યા માટે સ્થળ પરિક્ષણ કર્યુ હતું. જેમાં ૬૦૦ બેડની ઈમારતની બાજુમાં આવેલ પાર્કીંગની જગ્યા પસંદ કરવામાં આવી હતી. સુપર સ્પેશ્યાલીસ્ટની બિલ્ડીંગ ૧૦ માળની અને ૩૦૦ બેડની હશે. જયાં હાર્ટ અને કિડનીના રોગથી પિડાતા દર્દીઓની સારવાર કરવામાં આવશે. આ ઉપરાંત આ બિલ્ડીંગની બાજુમાં અન્ય એક બિલ્ડીંગ ટ્રો માં સેન્ટર માટે તૈયાર કરવાનું હતું. જેને પગલે ટ્રો માં સેન્ટર માટે પીઆઈયુ વિભાગ દ્વારા નવી બિલ્ડીંગના પ્લાન પણ બની ગયા હતા.જેમાં ઓપરેશન થિયેટર અને ૬૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીને ટ્રાન્સફર કરી શકાય તે માટે ખાસ રેમ્પની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા પ્લાનમાં ફેરફાર કરવામાં આવતા હાલના સમયે આ સ્થળે હવે માત્ર એક ૧૦ માળની ઈમારત ઉભી થશે. જયારે તંત્ર દ્વારા ટ્રો માં સેન્ટરની વાત વિસરાઈ જવા પામી છે.

ગાંધીનગર શહેરના ઘ-૩ સર્કલને અડીને આવેલા સિવિલ કેમ્પસની દિવાલ પાસે ૨૦૦ કરોડના ખર્ચે કે અને એલ બે બિલ્ડીંગ બનાવવા પાછળ તંત્ર દ્વારા ૨૦૦ કરોડનો ખર્ચે કરવામાં આવનાર હતો.પરંતુ તંત્ર દ્વારા પ્લાનમાં ફેરફાર કરવામાં આવતા આ પ્લાનમાંથી ટ્રો માં સેન્ટર કાઢી નાંખવામાં આવ્યું છે. એટલે હવે માત્ર ૧૦ માળની સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ જ બનશે. જયા હદય અને કીડનીના બિમારી દર્દીઓની સારવાર પણ થઈ શકશે. તો ટ્રોમાં સેન્ટર બદલ તાત્કાલીક સારવાર વિભાગનું વિસ્તરણ કરવાના પ્લાન પણ આગામી દિવસમાં છે.

## બહિયલ ખાતે નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧

આયુર્વેદ શાસ્ત્રના આઠ અંગો સાથે વિશ્વનું પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે ત્યારે જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા ગાંધીનગર દ્વારા નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી નિદાન કેમ્પનું તા. ૯ ફેબ્રુઆરી શનિવારે સવારે ૯.૧૫ થી ૧.૩૦ વચ્ચે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ સેવાઓ, સાંધાના દુઃખાવાની તાત્કાલિક સારવાર અગ્નિ કર્મ અને જાલંધર બંધ જેવી પદ્ધતિથી અકસીર ઈલાજ કરવામાં આવશે. દાંતને લગતી સારવાર, ડાયાબીટીસીમાં રખાતી સંભાળ અંગેનું માર્ગદર્શન, મેદસ્વીપણા અંગેનું સલાહ સુચન, વંધ્યત્વ વિશે માર્ગદર્શન અને બાળરોગની તમામ સમસ્યાની સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત હોમિયોપેથી સારવાર પણ આપવામાં આવશે જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

## આજે દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા ધરણા યોજાશે

ગાંધીનગર,તા.૬

દિવ્યાંગ અધિકાર મંચ છેલ્લા એક વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતા ૧૨ લાખ ૫૬ હજાર દિવ્યાંગના પ્રશ્નોને લઈને રજુઆત કરે છે. છતા પણ દિવ્યાંગના પડતર પ્રશ્નોને આજદિન સુધી ન્યાય મળ્યો નથી. ત્યારે ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે તા. ૭ ફેબુઆરીને ગુરુવારના રોજ સવારે દિવ્યાંગ અધિકાર મંચના નેજા હેઠળ રાજયભરમાંથી દિવ્યાંગ એકત્ર થશે અને રેલી તેમજ ધરણા યોજીને રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી પોતાના પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવા રજુઆત કરશે. નહીંતર દિવ્યાંગ અધિકાર મંચ ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરશે.

દિવ્યાંગ અધિકાર મંચની માંગણીઓમાં રાજયના તમામ દિવ્યાંગને રૂ.૫૦૦૦ પેન્શન આપવું, દિવ્યાંગ પરિવારને ૦ થી ૧૬ બીપીએલ સાથે અંત્યોદય રેશન કાર્ડ આપવામાં આવે, દિવ્યાંગ વિકાસની રચના કરી સીધાધીરાણની લોન ઉપલબ્ધ કરાવવી, કોમ્પ્યુટર ઓપરેટર, કલાર્ક, ટેલીફોન ઓપરેટર, સહિતના જગ્યાઓ પર ભરતી કરવી, પંડિત દીનદયાળ અને આંબેડકર આવાસનો લાભ આપવો, પંચાયતથી પાર્લામેન્ટ સુધી ૪ ટકા અનામત ધોરણે પ્રતિનિધીત્વની જોગવાઈ કરવી, દિવ્યાંગોને રેસીડેન્ટ વિજળી મફત મળી રહે તે અંગે ઘટતું કરવું. બેરોજગાર દિવ્યાંગને પોતાના વતનમાં બે એકર જમીન ઉપલબ્ધ કરાવવી સહિતના પડતર પ્રશ્નો છે. આ પડતર માંગણીઓની છેલ્લા ઘણા સમયથી રજુઆત કરવામાં આવે છે પરંતુ આજદિન સુધી ઉકેલ આવ્યો નથી.ત્યારે દિવ્યાંગ અધિકાર મંચ તા.૭ ફેબુઆરીને ગુરુવારના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા અને રેલી યોજી મુખ્યમંત્રીને આવેદન પત્ર આપશે. આ કાર્યક્રમમાં રાજયભરમાંથી બે હજાર જેટલા દિવ્યાંગ ઉપસ્થિત રહેવાની શકયતાઓ છે.



શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી **(GEDA)** દ્વારા ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે ઈજનેરીની દરેક શાખામાં એક દિવસીય કાર્યક્રમમાં 'ઊર્જા બચત અને ઊર્જા સંરક્ષણ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

## ગાંધીનગરમાં ઉમિયા દિવ્યરથનું પરિભ્રમણ ભવ્ય રીતે સંપન્ન

ગાંધીનગર, તા.૬

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વિશ્વ ઉમિયાધામ વિકસાવવાના હેતુસર રચિત વિશ્વ ઉમિયા દિવ્ય રથ રાજયભરમાં પરિભ્રમણ કરી રહ્યો છે. વિશ્વ ઉમિયા દિવ્ય રથ સોમવારે સવારે ગાંધીનગર આવી પહોંચતા સેકટર-૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે ભવ્ય સ્વાગત કરાયું હતું. તેમજ મંગળવારે સવારે દિવ્ય રથમાં બિરાજમાન મા ઉમિયાની આરતી ઉતારી રથનું પ્રસ્થાન કરાવાયું હતું. આ પ્રસંગે મંગળવારે ગરબા ઉત્સવનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પાટીદાર પરિવારો જોડાયા હતા.



વિશ્વ ઉમિયા દિવ્ય રથ પ્રસ્થાન કાર્યક્રમમાં શહેરના પંચેદવ મંદિરના ધર્માચાર્ય મહંત ફુલશંકર શાસ્ત્રીજી, બ્રહ્માકુમારીઝ સંસ્થાના વડા કૈલાસદીદી સહિત નગરના મેયર, ધારાસભ્યો, હોદ્દેદારો, કાર્યકરો, પાટીદાર અગ્રણીઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ, કચ્છ સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના તમામ સમાજના આગેવાનો તેમજ ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી. અહીંથી પ્રસ્થાન થયેલ રથ સેકટર-૧માં સમદર્શન આશ્રમ પહોંચ્યો હતો. જયાં પૂ. ગુરુમા સમાનંદજી દ્વારા કુંભથી પૂજન આરતી કરાયા હતા. આ પ્રસંગે અમદાવાદથી ઉમિયાધામના આયોજકો પણ ઉપસ્થિત રહ્યા હતા જેમણે સંસ્થાનો પરિચય અને આયોજન હેતુ અંગે માહિતી આપી હતી. ગાંધીનગરમાં દિવ્યરથના પરિભ્રમણ કાર્યક્રમનું સમગ્ર આયોજન સે-૧૨ સ્થિત ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ ભરતભાઈ, મહામંત્રી ભોળાભાઈ, ઉપપ્રમુખ મનુભાઈ, સહમંત્રી મહેન્દ્રભાઈ અને દિલીપભાઈ, ખજાનચી ગણેશભાઈ, આંતરિક ઓડિટર ડાહ્યાભાઈ અને કન્વીનર અશોકભાઈ, રમેશભાઈ અને વિષ્ણુભાઈ બાપજીના વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું. આયોજન માટે નવ દિવસ જહેમત ઉઠાવી ટ્રાફિક, સ્વચ્છતા અભિયાન, આરોગ્ય અને દરેક માટે ભોજન તથા પાણીની વ્યવસ્થા સુધીના તમામ પાસાઓનો અભ્યાસ કરી શહેરની તમામ સંસ્થાઓ, મંદિરો, શૈક્ષણિક સંસ્થાઓની બાળાઓ સાથે માનવ મહેરાણ વચ્ચે રથનું સ્વાગત આરતી વગેરેનું યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ દરમિયાન વિશ્વ ઉમિયા સંસ્થાને દાન-ભેટ સ્વરૂપે પણ ઉત્તમ પ્રતિસાદ સાંપડયો હતો.

## એફ.એસ.એલ. યુનિવર્સિટી ખાતે 'સાયબર સેફટી ડે'ની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૬

રાજયમાં સાયબર ગુનાઓને રોકવા માટે સાયબર સુરક્ષા કવચ અને ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીએ સાથે મળીને સાયબર ક્રાઈમ અંગે લોક જાગૃતિ લાવવાના હેતુથી ગઈ કાલે 'સાયબર સેફટી ડે' ઉજવ્યો હતો.

ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે યોજાયેલા આ સેમિનારમાં મુખય અતિથી તરીકે વી.એમ. પારગી, એડીજીપી (તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.) અને ડૉ. એસ.ઓ. જુનારે ડીરેકટર (તાલીમ) ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ગુજરાત પોલીસ અકાદમી, કરાઈથી તાલીમ લઈ રહેલા તાલીમાર્થી ડીવાયએસપી પીએસઆઈ તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ મળીને ૨૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



આ સેમિનારમાં વી.એમ. પારગીએ સંબોધન કરતા જણાવ્યું કે આજે ટેકનોલોજીથી દુર રહેવું અશકય છે પરંતુ ટેકનોલોજીનો સુરક્ષિત અને હકારાત્મક ઉપયોગ થાય તેના પર ભાર મુકવા જણાવ્યું હતું. આ સેમિનારમાં ફોરેન્સિક ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને સાયબર સ્પેસમાં પ્રવર્તતા સંભવિત જોખમોથી વાકેફ કરી તેનાથી બચવાના ઉપાયો વિશે માહિતી આપવામાં આવી હતી તે ઉપરાંત કાયદાના નિષ્ણાંત દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન ફ્રોડ, સાયબર સ્ટોકીંગ, ટ્રોલીંગ, સાયબર બુલીઈંગ તેમજ આઈ.ટી. એકટની કાયદાકીય જોગવાઈઓથી વાકેફ પણ કરવામાં આવ્યા હતા.

## આઈઆઈટી ગાંધીનગરના પ્રો. વિક્રમ જૈનને પ્રતિષ્ઠિત નેશનલ જીઓ સાયન્સ એવોર્ડ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે જીઓ સાયન્સ ક્ષેત્રે કાર્યરત પ્રાધ્યાપક પ્રો. વિક્રમ જૈનને રાષ્ટ્રીય જીઓ સાયન્સ એવોર્ડ ૨૦૧૮થી નવાજવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારના ખાણ ખનીજ વિભાગ દ્વારા તેમનો 'નદીઓના વિજ્ઞાન અને પૃથ્વીની સપાટી પરની પ્રક્રિયા' વિષયે તેના યોગદાન બદલ આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.



ભારતના ખાણ ખનીજ વિભાગ દ્વારા જીઓ સાયન્ટિસ્ટ ઈજનેરો, ટેકનોલોજીસ્ટો તથા શિક્ષણ વિદોને પ્રતિષ્ઠિત જીઓ સાયન્સ એવોર્ડસ દ્વારા સન્માનવામાં આવે છે. આઈઆઈટી ગાંધીનગરના પ્રો. વિક્રમ જૈનનું નદીઓના વિજ્ઞાન બાબતો સંશોધન કાર્યમાં અત્યંત મહત્વનું યોગદાન રહ્યું છે જેનો અનુલક્ષીને તેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. પ્રો. જૈનના મને 'નદીઓનું વિજ્ઞાન જીઓ સાયન્સ સંશોધન ક્ષેત્રે વિકસતું વિજ્ઞાન છે અને આ એવોર્ડ મારી રિસર્ચ લેબોરેટરીમાં આ ક્ષેત્રે થયેલા મહત્વપૂર્ણ પદાર્પણને આભારી છે.'

## કડકડતી ઠંડીમાં ખુલ્લામાં રહેતા જરૂરિયાતમંદોને હેપ્પી યૂથ ક્લબે હૂંફ પૂરી પાડી



ગાંધીનગર, તા.૬

શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યૂથ કલબ દ્વારા આયોજિત "પ્રોજેકટ હેપ્પી વિન્ટર" અંતર્ગત સમગ્ર માસ દરમ્યાન અલગ અલગ દિવસે સંસ્થાના સ્વંસેવકોએ રાત્રિના સમયે શહેરમાં ફરી ફરીને જ્યાં પણ ખુલ્લામાં જરૂરિયાતમંદ વર્ગના સૂતેલા વૃદ્ધો, અશકતો, દિવ્યાંગો અને બાળકો જણાયા ત્યાં તેમણે ગરમ ધાબળા (બ્લેંકેટ્સ) ઓઢાડયા હતા. આ ઉપરાંત રાત્રિના સમયે સોસાયટીઓ, એટીએમ કેન્દ્રો વગેરેના ચોકીદારો, સિક્યુરિટી ગાર્ડ્સ તેમજ સફાઈ કામદારોને પણ ગરમ ધાબળા (બ્લેંકેટ્સ)નું સેવા ભાવનાથી વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં ગત માસમાં શિયાળાની કાતિલ ઠંડી અનુભવાઈ હતી જેમાં એ તબક્કે તો પારો ૧૦ ડિગ્રી સે. કરતાં પણ ઘણો નીચો ઉતારી જવા પામ્યો હતો. આ સંજોગોમાં શહેરમાં ફૂટપાથ પર ખુલ્લામાં કે ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોની હાલત કફોડી થવા પામી હતી જેમાં ખાસ કરીને વૃદ્ધો, અશકતો, દિવ્યાંગો અને બાળકોને કડકડતી ઠંડીમાં હૂંફની ખૂબ જરૂરિયાત જણાઈ હતી. શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યૂથ કલબ દ્વારા આ તબક્કે "પ્રોજેકટ હેપ્પી વિન્ટર" હાથ ધરવામાં આવ્યો હતો જે અંતર્ગત આ સમગ્ર માસ દરમ્યાન અલગ અલગ દિવસે સંસ્થાના સ્વંસેવકોએ રાત્રિના સમયે શહેરમાં ફરી ફરીને જ્યાં પણ ખુલ્લામાં જરૂરિયાતમંદ વર્ગના સૂતેલા વૃદ્ધો, અશકતો, દિવ્યાંગો અને બાળકો જણાયા ત્યાં તેમણે ગરમ ધાબળા (બ્લેંકેટ્સ) ઓઢાડયા હતા. આ ઉપરાંત રાત્રિના સમયે સોસાયટીઓ અથવા એટીએમ કેન્દ્રો પર ચોકીદારીની સેવા આપતા ચોકીદારો અથવા સિક્યુરિટી ગાર્ડ્સ તેમજ સફાઈ કામદારોને પણ ગરમ ધાબળા (બ્લેંકેટ્સ)નું સેવા ભાવનાથી વિતરણ કર્યુ હતું. હજુ આગામી દિવસોમાં પણ ઠંડી વધુ પડશે તેવી આગાહીઓ થઈ રહી છે ત્યારે હેપ્પી યૂથ કલબના સેવાભાવી યુવાનોનો આ સેવા ભાવનાથી કરવામાં આવેલો પ્રયાસ લાભાર્થીઓને હૂંફ પૂરી પાડશે અને કાતિલ ઠંડીનો સામનો કરવામાં રાહત આપશે. સંસ્થાના સ્વયંસેવકો દ્વારા "પ્રોજેકટ હેપ્પી વિન્ટર" સેવા કાર્યમાં દાન-સહયોગ આપનાર દાતાઓનો આભાર માન્યો હતો.



### @ગાંધીનગર

● ગુજરાત રાજયના સરપંચ એસોસિએશન દ્વારા પોતાના પડતર પ્રશ્નોને લઈ બપોરે ૨ કલાકે સે-૧૧ અખબાર ભવન ખાતે પત્રકાર પરિષદ યોજાશે.

● ગાંધીનગર મહાનગરપાલિકાની બજેટ અંગેની સામાન્ય સભા બપોરે ૧૨ કલાકે યોજાશે.

### ચિરવિદાય

● સ્વ. બિહોલા હંસાબેન ભૂપતસિંહ, ઉ.વ. ૫૫